મુદ્દા નં.૧૫ :-

કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો કાર્યપધ્ધતિ વિગત આપવી.

અકાદમીની સંબંધિત ભાષાઓની વિવિધ યોજનામાં આવેદન/હસ્તપ્રત મેળવવા માટે વિવિધ સામયિકોમાં જાહેરાત આપવામાં આવે છે. જાહેરાતના માધ્યમ ધ્વારા આવેલ હસ્તપ્રતો/પુસ્તકોની રજિસ્ટરમાં નોંધણી કરીને તેનું સંબંધિત ભાષાના તજજ્ઞો ધ્વારા પરામર્શન કરાવવામાં આવે છે. પરામર્શકશ્રી ના નિર્ણય અનુસાર લેખક/સાહિત્યકારોને તેમના પુસ્તકો પ્રગટ કરવા માટે આર્થિક સહાયની મંજૂરી આપવામાં આવે છે.

લેખકને પુસ્તક પ્રગટ કરવા માટે એક વર્ષની મુદત આપવામાં આવે છે અને પુસ્તક પ્રગટ થયા બાદ લેખક પાસેથી પુસ્તકની ૧૫ નકલ અને તેના છાપકામના બીલો મળ્યા બાદ લેખકને નિયમાનુસાર આર્થિક સહાયની રકમ ચેક ધ્વારા ચૂકવવામાં આવે છે.

વયોવૃધ્ધ લેખકોને પણ તેમના આવેદન પત્રની વિગત ચકાસીને સમિતિના નિર્ણય અનુસાર માસિક રૂ.૩,૦૦૦/- ની આર્થિક સહાય આપવામાં આવે છે.